## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ.... આ મારો પડોશી છે.... અમારે જુનો ઝઘડો હતો... અત્યારે એ મારા ખાતમાં 'બે લાખ ભરી દઈશ...' એવી ધમકી આપે છે....





ગુરૂનાનક જયંતિ - શહેરમાં ગુરૂનાનક જયંતિની ઉજવણી ભાવપૂર્વક કરાઈ હતી... શહેરના ગુરૂદ્વારા ખાતે શીખ પરિવારોએ વહેલી સવારથી પૂજન-અર્ચન અને વંદનાના કાર્યક્રમો કર્યા હતા... ત્યારબાદ શીખ પરિવારોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો...

# રેશનલ સમાજ દલિતોના પડખે જ ઉભો રહેશે

## ગાંધીનગર રેશનલ સમાજ તથા ગુજરાત-મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશનનું અધિવેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સે. ૨૩માં બ્રહ્માણીકૃપા હોલ ખાતે રેશનલ સમાજ તથા ગુજરાત-મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશનનું સંયુક્ત અધિવેશન તા. ૧૩મી નવેમ્બર રવિવારે યોજાયું હતું. આ અધિવેશનમાં રેશનલ સમાજ દલિત આંદોલન તથા દલિતોના અધિકારોના પ્રશ્ને હંમેશા દલિતોની પડખે રહી સક્રીય પ્રેરકબળ પુરૂ પાડશે તેવો નિર્ણય લેવાયો હતો.

આ અધિવેશનમાં રેશનલ સમાજ અમદાવાદના પ્રમુખ મનીષા જાની, નિવૃત્ત સનદી અધિકારી પ્રવીણ ગઢવી, હર્ષા બાડકર, કિરણ ત્રિવેદી, એડવોકેટ પ્રતિભા ઠક્કર અને પિયુષ જાદુગર, ડૉ. સુષ્મા ઐયર, ડૉ. સુજાત વલી, પ્રિ. અશ્વિન કારિઆ જેવા વક્તાઓએ પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. અધિવેશનના પ્રારંભે ગાંધીનગર રેશનલ સમાજના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી તથા ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસિએશનના પ્રમુખ બિપીન શ્રોફે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. અધિવેશનમાં ઉપસ્થિત રેશનાલિસ્ટો દ્વારા સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ તથા જાતિભેદ બાબતે ભારે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. અધિવેશનમાં ગાંધીનગરના અગ્રણીઓ તથા સાહિત્યકારો નટવર હેડાઉ, ભરત કવિ, એચ.બી. વરિયા, ડૉ. સોમભાઈ પટેલ તથા પંકજ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. અનિલ પટેલે આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ.



## ગુરૂનાનક જયંતિની ઉલ્લાસપૂર્વક ઉજવણી

એસજી હાઈવે સ્થિત ગોવિંદધામ ગુરૂદ્વારા ખાતે શીખ ધર્મના પ્રથમ ગુરૂ શ્રી ગુરૂનાનક દેવજીની ૫૪૮મી જન્મ જયંતિની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ગુરૂદ્વારા પાસે આવેલ થલતેજ ચાર રસ્તાને ગુરૂ ગોવિંદસિંગ ચોક નામ આપવાની ઘોષણા કરવામાં આી હતી. આ અવસરે મહિલા અને બાળકલ્યાણમંત્રી નિર્મલાબેન વાઘવાણી, ભાજપ સંગઠનમંત્રી ભીખુભાઈ દલસાણીયા, અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના ડાયરેક્ટર પરમજીત કૌર છાબડા, અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ, ગુરૂ દ્વારા ગોવિંદધામના પ્રેસીડન્ટ ઈશ્વરસિંગ, સેક્રેટરી રણજીતસિંગ વાસુ, હરમીન્દરસિંગ ડાંગ અને અન્ય સમાજના પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં હરિયાળીનો સોથ વાળતા કોર્પોરેશનનુ મશીન વનવિભાગે જપ્ત લીધુ

## રોડ નં-૬ પર ૭ જેટલા વૃક્ષો બુઠ્ઠા કરી દેવાતા વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી : દંડનીય પગલા પણ લેવાશે

ગાંધીનગર તા ૧૪

વન વિભાગ દ્વારા વૃક્ષોના ટ્રીમીંગનુ કોર્પોરેશનનુ ટ્રીમીંગ જપ્ત કરી લીધુ છે. કોર્પોરેશન દ્વારા વન વિભાગની મંજુરી વિના જ વૃક્ષોની કટોતી થતી હોવાથી તંત્ર દ્વારા મશીન કબજે લઈ સે-૧૭ ની નર્સરીમાં મુકી દેવાયુ છે. રોડ નં-૬ પર સે-૨૫ પાસે કોર્પોરેશન દ્વારા આજે ૭ જેટલા વૃક્ષો બુઠા કરી દેવાયા હોવાનુ ધ્યાને આવતા વનતંત્ર દ્વારા બિનવારસી ગુન્હો દાખલ કરી મશીન કબજે લેવાયુ છે. આગામી દિવસોમાં દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાશે.

શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી હરિયાળી વનરાજીથી ઘેરાયેલા સેકટરોમાં વૃક્ષોનુ સમયાંતરે ટ્રીમીંગ કરવાની પ્રક્રીયા આવશ્યક બની છે. ત્યારે લાંબા સમયથી શહેરમાં ટ્રીમીંગની કામગીરી ન થતી હોવાના લીધે આમ નાગરિકોની મુશ્કેલી વધી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. વનવિભાગ દ્વારા સેકટરોમાં ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. બીજીતરફ સેકટરોમાં કોર્પોરેશન દ્વારા સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવે છે. પરંતુ આ મામલે વનવિભા દ્વારા અગાઉ આ માટે વિભાગની મંજુરી મેળવી કામ હાથ ધરવા જણાંવાયુ હતુ. આમછતા કોર્પોરેશન હસ્તકના અત્યાધુનિક મશીનથી ટ્રીમીંગ કરવાની ગતિવિધિઓ ચાલુ રહેતા વનતંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે નિર્ણય લેવાયો હતો. મહાનગરપાલિકા હસ્કના મશીનથી શહેરમાં રોડ નં-૬ પર સે-૨૫ પાસે ૭ જેટલા વૃક્ષોનુ ટ્રીમીંગ કરી બુઠ્ઠા કરી નાંખવામાં આવતા વનતંત્ર દ્વારા આ મશીન જ કબજે કરી લેવાયુ છે. વનતંત્ર દ્વારા બિનવારસી ગુન્હો દાખલ કરી આગળ દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરાશે. વન વિભાગે કોર્પોરેશનનુ મશીન કબજે લઈ સે-૧૭ સ્થિત નર્સરીમાં મુકી દિધુ છે. શહેરના સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી અત્યંત આવશ્યક બની છે. ત્યારે કોર્પોરેશન દ્વારા આ મશીનના આધારે હરિયાળીને નુકશાન પહોંચાડવામાં આવતુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

# સારી માળખાકીય સુવિધાઓ વચ્ચે દર્દી અને યોજનાના પ્રસારની ઉણપ : કોમન રિવ્યુ મિશન

ગાંધીનગર, તા. ૧૪

સારી માળખાકીય સુવિધાઓ પછી પણ લોકો સુધી યોજનાની જાણકારી પહોંચાડવામાં ઉણપ જોવા મળી હોવાની નોંધ કોમન રિવ્યુ મિશને કરી છે.

ગુજરાતમાં એક સપ્તાહ જેટલા સમય સુધી જિલ્લામાં આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને સેવાઓની ચકાસણી માટે આવેલ ભારત સરકારના આ મિશને લોક જાગૃતિ અભિયાનમાં પણ બદલાવની હિમાયત કરી છે એટલુ જ નહિ એવું નોંધ્યું છે કે માળખાકીય સુવિધાઓ સારી છે પણ લાભાર્થીઓ સુધી યોજનાની જાણકારી ઓછી જોવા મળી હતી.

આ ટીમે ઉનાવા, રાંચરડા, પેથાપુર, ઈન્દ્રોડા, પુંધરા, ઝીંડવા સહિતના ગ્રામ્ય વિસ્તારોની સેવાઓ પણ નિયત કાર્યક્રમ સિવાય ચકાસી અને તંત્રને ચોંકાવી દીધા છે.

ટીમે આશા બ્હેનોની તાલિમ પણ વધુ સઘનતા આવે તેના પર ભાર મુક્યો છે. ટીમે ખાલી જગ્યાઓ ભરવા માટે પણ વિશેષ આગ્રહ સેવ્યો હતો. ટીમે તેની મુલાકાતને અંતે એવુ નોંધ્યું છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો અને સબડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો ધરાવતી હોસ્પિટલોમાં બ્લડ સ્ટોરેજની ક્ષમતામાં વધારો થાય તે જરૂરી છે.

ટીમે એવી પણ રિમાર્ક્સ આપી છે કે કેટલાક ક્ષેત્રોમાં નમૂનારૂપ કામગીરી થઈ છે ખાસ કરીને ટી.બી., મેલેરિયા ક્ષેત્રે થયેલી કામગીરી ઉડીને આંખે વળગે તેવી છે.

ટીમે એવી પણ રિમાર્કસ કરી છે કે સારી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં દર્દીઓ ઓછો લાભ લઈ રહ્યા છે તેથી ક્યાંક કચાશ જરૂર છે.

આ ટીમે ગાંધીનગર અને નવસારી જિલ્લાની ચકાસણી કરી હતી તે ઉલ્લેખનીય છે.

# ચિલોડા માર્કેટયાર્ડમાં ડાંગરની વધુ આવક રવી સિઝનની વાવણી માટે ખેડૂતો સજ્જ



ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ડાંગરની ખરીદી કરવામાં આવી રહી છે. ચાલુ સાલે પ્રમાણસર વરસાદની મહેર થતાં ડાંગરના પાકને અનુકૂળ વાતાવરણથી ડાંગરનો પાક સારા પ્રમાણમાં થવા પામ્યો હતો. પરિણામે ચિલોડા પંથકના આસપાસના ગામોના ખેડૂતો ટ્રેક્ટરો ભરી માર્કેટયાર્ડમાં વેચાણ કરવા આવતાં અનાજના ઢગલા મંડાયા છે. ચાલુસાલે હાલમાં સારી ડાંગર રૂ. ૨૯૫ના ઊંચા ભાવે ખરીદી-વેચાણ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરવા પામી છે. ચિલોડા માર્કેટયાર્ડમાં તાલુકાસંઘ ગુજકો માશોલ, સહકારી મંડળી તથા ખાનગી વેપારીઓ ડાંગરની હરાજી દ્વારા ખરીદી કરી રહ્યા છે. આમ ડાંગર ખરીદી-વેચાણમાં ખેડૂતોને ચેક તથા રોકડ નાણાંના વ્યવહાર કરી ખરીદદારો ધંધા-રોજગાર ચલાવવા મજબુર બન્યા છે. આગામી દિવસોમાં રવીસિઝન માટે ખાતર-બિયારણના ખર્ચ માટે ખેડૂતો નાણાંકીય જોગવાઈ બાબતે ચિંતાતુર બન્યા છે. બટાકા અને ઘઉંની રવી સીઝનને લીધે ખેડૂતો કામકાજમાંથી પૂર્વ તૈયારીનો પ્રારંભ આરંભી દીધો છે.

# શહેરની હોસ્ટેલોમાં રહેતા હજ્જારો વિદ્યાર્થીઓ છુટ્ટાની તંગીથી પરેશાન

ગાંધીનગર, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૫૦૦, ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાની જાહેરાતના પગલે ગાંધીનગરમાં વિવિધ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ વિદ્યાર્થીઓ પાસે છુટા પૈસા ના હોવાથી રોજબરોજની નાની મોટી જરૂરિયાતો માટે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગર એક શિક્ષણ નગરી છે અને શહેરમાં અનેક હોસ્ટેલ્સ આવેલી છે. એક અંદાજ મુજબ ગાંધીનગરમાં આશરે ૧૨ થી ૧૫ હજાર વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે જેમાં એકલા કડી સર્વ વિદ્યાલય સંકુલમાં જ ૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ છે. આ વિદ્યાર્થીઓમાં શાળાના બાળકોને તો વેકેશન હોવાથી તેમની હાજરી અહીં નથી. પરંતુ કોલેજ તથા અન્ય કોર્સીસના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હોસ્ટેલ્સમાં મોજુદ છે. એજ રીતે શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે આવેલા અસંખ્ય યુવા ઉમેદવારો ખાનગી હોસ્ટેલોમાં રહી તૈયારીઓ કરી રહ્યાં છે. આ તમામ વિદ્યાર્થીઓ દિવાળી બાદ ૫૦૦, ૧૦૦૦ની જુની ચલણી નોટો લઈને આવ્યા હતા. હવે આ નોટો રદ થઈ જવાથી ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. વિદ્યાર્થીઓને રોજબરોજની જરૂરિયાતો જેવી કે સાબુ, ટુથપેસ્ટ, ચા-પાણી, કોસ્મેટિક્સ, નાની-મોટી દવાઓ તથા અન્ય સામગ્રી ખરીદવા છુટ્ટા પૈસા ના હોવાથી હાલાકી ભોગવવી પડી રહી છે.

મેસ અને હોસ્ટેલ સંચાલકો દ્વારા માસિક ફી માટે એક માસની છુટછાટ આપવામાં આવતા તે માટે રાહત જરૂર જણાય છે પરંતુ રોજીંદી જરૂરિયાતો માટેની નાની નાની ખરીદીમાં તકલીફ પડવાથી વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે. મોટાભાગના હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ દૂરના સ્થળોએથી આવતા હોવાથી તેમના વાલી દ્વારા તાત્કાલિક મદદ મેળવી શકતા નથી તેથી આ તકલીફમાં વધારો થવા પામ્યો છે.

# ભારતમાં ૧૦,૦૦૦ની ચલણી નોટ બે વાર છપાઈ અને બે વાર બંધ કરી દેવાઈ હતી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારતમાં સૌથી મોટી નોટ તરીકે આપણે આજે ૧૦૦૦ અને હવે ૨૦૦૦ રૂપિયાને જોઈએ છીએ પરંતુ એક સમય હતો આપણે ૫૦૦૦ અને ૧૦,૦૦૦ની કિંમતની નોટ પણ છાપી હતી. ભારતીય રિઝર્વ બેન્કે કેન્દ્ર સરકારના નાણામંત્રાલય સમક્ષ આ દરની નોટ છાપવાની દરખાસ્ત મોકલી હતી પરંતુ માત્ર ૨૦૦૦ની નોટ છાપવાની પરમિશન મળી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જાન્યુઆરી ૧૯૩૮માં પહેલીવાર પેપર કરન્સી છાપી હતી જે પાંચ રૂપિયાની હતી. આ વર્ષે ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૧૦,૦૦૦ની નોટ છાપવામાં આવી હતી. રિઝર્વ બેન્કે ૧૯૪૬માં ૧૦૦૦ અને ૧૦,૦૦૦ની નોટ બંધ કરી હતી, જો કે ૧૯૫૪માં ફરીવાર ૧૦,૦૦૦, ૫૦૦૦ અને ૧૦૦૦ની નોટ છપાઈ હતી પરંતુ તેને ૧૯૭૮માં બંધ કરી દેવામાં આવી હતી.

**ભાજપના ભ્રષ્ટ નેતા વ્હાઇટ થઇ ગયા?!!...**

"ભારત દેશની જનતા ભ્રષ્ટાચારને દૂર કરવા તો માગે છે પરંતુ સાથે સાથે કેન્દ્રની મોદી સરકાર જીવન જરૂરી દવાઓ સસ્તી કરે, તમાકુ પર પ્રતિબંધ મૂકે, મિલ્ક અને ફુડમાં મિલાવટ અટકાવે, વૃક્ષોને કાપતા અટકાવશે ત્યારે સુશાસન કહી શકાશે." જૂની નોટો બદલવા લાઈનમાં ઉભેલા એક સિનિયર સિટીઝનનો આ આક્રોશ હતો. તેમણે કહ્યું હતું કે જો મોદી સ્વચ્છ પ્રતિભા ધરાવતા હોય અને સ્વચ્છતાના આગ્રહી હોય તો ભાજપમાંથી પણ અસ્વચ્છ નેતાઓને દૂર કરી દેવા જોઈએ. મોદી જો કોંગ્રેસના નેતાઓને ભ્રષ્ટાચારી માનતા હોય તો ભાજપમાં લેવાયેલા કોંગ્રેસના નેતાઓ ઉપર શંકા જાય તે સ્વાભાવિક છે. ગુજરાત ભાજપમાં પણ એવા ભ્રષ્ટ નેતાઓ છે કે જેઓ મોદીના નામે પ્રામાણિકતાનો અંચળો ઓઢીને ફરી રહ્યાં છે.

**હવે તો પેન્ટના ખિસ્સામાં બે લાખ રૂપિયા આસાનીથી સમાઈ શકશે ...**

**ઓલ્ડ કરન્સી બિકતી હૈ, ખરીદાર ચાહિયે...**

કહેવાય છે કે રદબાતલ થયેલી નોટને ચલાવવા માટે લોકો જાતજાતના નુસખા શોધી કાઢે છે. પાલનપુરમાં એક વ્હાઈટ કોલર વ્યવસાયીએ સૌથી ઉંચા એક તોલાના ૬૮,૦૦૦ રૂપિયા આપીને ૧૦ કિલોગ્રામ સોનું ખરીદ્યું છે. આ સોદો પાર પડ્યો અને તેની ચર્ચા વાયુવેગે પ્રસરી જતાં કેન્દ્રીય તપાસ એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે. રદબાતલ થયેલી નોટને કાયદેસર બનાવવાની ટ્રીક ગુજરાતના ઝવેરીઓ પણ સમજી ચૂક્યાં છે. ગુજરાતના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને પાલનપુર સહિતના સોની બજારમાં રૂપિયા આપીને સોનું ખરીદવા માટેની ચહલ-પહલ વધતાં દરોડા પાડવાનું શરૂ કરવામાં આવ્યું છે.

**દવાઓ સસ્તી કરો, તમાકુ બંધ કરાવો, ખોરાકમાં મિલાવટ અટકાવો ...**

**નોટ મોટી થઇ, ભ્રષ્ટાચારમાં સુગમતા...**

ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લાવી શકાય છે પરંતુ તેને સદંતર નાબૂદ કરી શકાતો નથી તેવો ભારતનો જ નહીં વિશ્વનો અનુભવ છે. વિશ્વના જાણીતા અર્થશાસ્ત્રીઓ કહે છે કે કરપ્શન ફ્રી કન્ટ્રીની કલ્પના શક્ય નથી. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટો બંધ કરવાથી બે મહિના સુધી એવું લાગશે કે કાળું ધન બહાર આવ્યું છે પરંતુ ૪૦ ટકા ધન કચરામાં ગયું છે. એટલે કે ભારતમાં જેટલું કાળુંનાણું છે તે પૈકી માત્ર ૬૦ ટકા નાણાં જ વ્હાઈટ થવાના છે બાકીના નાણાંનો નાશ કરી દેવાશે. બ્લેકમની રાખનારા એવું માને છે કે પરસેવાની કમાણી નહીં હોવાથી કોઈ નુકશાન જવાનું નથી. અનિતીનો રૂપિયો સુધર્યો એટલો ફાયદામાં રહેશે. પહેલાં ૧૦૦૦ રૂપિયાની નોટ હતી પરંતુ હવે ૨૦૦૦ રૂપિયાની નોટ બજારમાં આવી છે એટલે બે લાખ રૂપિયા હશે તો પણ પેન્ટના ખિસ્સામાં આરામથી સમાઈ શકશે. કરપ્ટ લોકોને ભ્રષ્ટાચારમાં સુગમતા રહેશે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે.

**નવી નોટ છાપવા પણ કરોડોનો ખર્ચ...**

ભારતીય બજારમાંથી ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાના દરની નોટો પાછી ખેંચીને તેની જગ્યાએ ભારતીય રિઝર્વ બેન્ક નવી નોટો છાપવાની છે ત્યારે તેનો ખર્ચ પણ વધી શકે છે. દેશમાં રદ થયેલી નોટોની કુલ કિંમત ૬.૬૬ લાખ કરોડ રૂપિયા છે. જો આટલી રકમની ૧૦૦ રૂપિયાની નોટ છાપવી હોય તો તેનો ખર્ચ ૧૨૦૦૦ કરોડ રૂપિયા થાય તેમ છે. જો કે નોટ છાપવાનો ખર્ચ વર્ષોવર્ષ બદલાઈ જાય છે. ૨૦૧૧માં ૧૦૦૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૪.૧ રૂપિયા થતો હતો તે ૨૦૧૪માં ઘટીને ૩.૧૭ રૂપિયા થયો છે. હવે નવી નોટ છપાય છે તેનો ખર્ચ ૩.૧૭ રૂપિયા થયો છે. બીજી તરફ ૫૦૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૩.૫૮ રૂપિયા અને ૧૦૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૧.૨૦ રૂપિયા થાય છે. આશ્ચર્ય એ બાબતનું છે કે એક રૂપિયો છાપવાનો ખર્ચ રૂપિયા કરતાં વધુ થતો હોવાથી સરકારે તેને છાપવાનું બંધ કર્યુ હતું.

**૧૦ કિલોગ્રામ સોનું ખરીદાયું, એક તોલાનો ભાવ ૬૮,૦૦૦ ચૂકવાયો ...**

**એક રૂપિયા સામે ૧૩ ડોલર મળતા હતા...**

અત્યારે ભલે બ્રિટીશ પાઉન્ડ અને અમેરિકાનું ચલણ ડોલર વિશ્વમાં ગાજતું હોય પરંતુ એક સમય હતો ભારતીય ચલણની કિંમત ડોલર કરતાં વિશેષ હતી. ૧૯૧૭માં ભારતના એક રૂપિયામાં અમેરિકાનું ચલણ એવા ડોલરની કિંમત ૧૩ હતી. એટલે કે એક રૂપિયામાં ૧૩ ડોલર મળતા હતા. જાણીને નવાઈ લાગશે કે ભારતીય નોટમાં ૧૭ ભાષાઓમાં કિંમત લખેલી હોય છે. આ ભાષાઓ કેવળ ભારતીય છે. નોટની બન્ને સાઈડે બારીકાઈથી જોઈએ તો આ ભાષાઓ નજરે પડતી હોય છે. આજે ડોલરનું મૂલ્ય ૬૭ રૂપિયા થઈ ચૂક્યું છે.

**ભારતમાં સિક્કાનો પણ એક યુગ હતો...**

પ્રાચિન સમયમાં સિક્કાનો ઉપયોગ કરનારા દેશોમા ભારત દેશ પણ સામેલ હતો. ભારતમાં ૬ઠ્ઠી સદીથી સિક્કાનો ઉપયોગ થાય છે. પુરાતત્વ સંશોધનમાં મળેલા સિક્કા પરથી જાણી શકાય છે કે હડપ્પીય સંસ્કૃતિમાં પણ સિક્કાનું ચલણ હતું. આ ચલણ ૨૫૦૦ થઈ ૧૭૫૦ દરમ્યાન પાંગર્યું હતું. પહેલો રૂપિયો બનાવનાર શેર શાહ સુરીરાજા હતા જેનું મૂલ્ય ૪૦ તાંબાની પાઈ જેટલું હતું. એક રૂપિયાની પ્રથમ ચલણી નોટ બેન્ક ઓફ હિન્દુસ્તાન (૧૭૭૦-૧૮૩૨) દ્વારા બહાર પાડવામાં આવી હતી. સૌથી પહેલાં બેન્ક ઓફ બંગાળ, બેન્ક ઓફ બોમ્બે અને બેન્ક ઓફ મદ્રાસે ચલણ છાપ્યું હતું પરંતુ પેપર કરન્સી એક્ટ ૧૮૬૧ પછી કરન્સી છાપવાનો અધિકાર ભારત સરકારને આપી દીધો હતો. ૧૯૩૫માં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સ્થાપના સુધી ભારત સરકારે કરન્સી નોટ છાપી હતી પછી તે જવાબદારી રિઝર્વ બેન્કે ઉપાડી લીધી હતી.

**વિશ્વમાં રૂપિયો મજબૂત ક્યાં છે, જાણો...**

પહેલાના સમયમાં ભારતીય રૂપિયો દુનિયાના ઘણાં દેશોનું માન્ય ચલણ હતું. આ દેશો જેવાં કે એડન, ઓમાન, કુવૈત, બેહરીન, કતાર, કેન્યા, યુગાન્ડા અને મોરેસિયસમાં ભારતીય ચલણની બોલબાલા હતી. ભારતીય રૂપિયાનું મૂલ્ય નેપાળમાં ૧.૬૦ રૂપિયા અને શ્રીલંકામાં ૨.૧૦ રૂપિયા મળે છે. બેલારૂસમાં ૨૬૭.૯૭ રૂબલ, વિયેતનામમાં ૩૪૦.૩૯ ડોન્સ અને ઈન્ડોનેશિયામાં ૨૨૨.૫૮ રૂપિયા ચાલે છે. એવી જ રીતે પરાગ્વેમાં ૮૪.૭૩ ગુઆરની, કંબોડિયામાં ૨.૩૪ રિયાલ, હંગરીમાં ૪.૨૭ ફોરિંટ, કોસ્ટારિકામાં ૮.૦૬ કોલોન અને આઈસલેન્ડમાં ૧.૯૪ ક્રોન રૂપિયાના બદલામાં મળે છે.